


Design By : Banas Dairy Media

પ્રકાશન :- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૩૮ | માર્ચ - ૨૦૨૬
www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**સોતવાડા અને જાંદલા માં ભવ્ય 'કાફ રેલી' યોજાઈ; ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોને આપ્યું વૈજ્ઞાનિક માર્ગદર્શન**

**બનાસકાંઠામાં ગોબરગેસ ક્રાંતિ: પશુપાલકો માટે સમૃદ્ધિનો નવો માર્ગ**

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું વિઝન: પશુપાલન અને મહિલા સશક્તિકરણનો નવો સૂર્યોદય**



# સોતવાડામાં ભવ્ય 'કાફ રેલી' યોજાઈ; ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોને આપ્યું વૈજ્ઞાનિક માર્ગદર્શન

આજે સોતવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે પીટી (PT) અને પીએસ (PS) પ્રોગ્રામ અંતર્ગત જન્મેલી ઉત્તમ વંશપરંપરાગત લક્ષણો ધરાવતી પાડી-વાછરડીઓની એક ભવ્ય 'કાફ રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે બનાસ ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પીટી (PT) અને પીએસ (PS) પ્રોગ્રામ અંતર્ગત જન્મેલી ઉત્તમ વંશપરંપરાગત લક્ષણો ધરાવતી કુલ 65 પાડી-વાછરડીઓએ આ રેલીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં 20 ભેંસની પાડીઓ, 20 કાંકરેજ, 20 એચ.એફ.સી.બી. (HFCB) અને 5 એમ્બ્રિયો ટ્રાન્સફર (ET) ટેકનોલોજીથી જન્મેલી વાછરડીઓનો સમાવેશ થાય છે.

### વૈજ્ઞાનિક પશુપાલન અને સંવર્ધન પર ભાર

કાર્યક્રમ દરમિયાન શ્રી શંકરભાઈ ચૌધરીએ હાજર રહેલા પશુપાલકો, ખાસ કરીને મહિલા પશુપાલકો સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમણે પશુપાલનમાં બ્રીડિંગ (સંવર્ધન) અને કૃત્રિમ બીજદાન જેવી આધુનિક બાબતોનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, જો આપણે પશુની ઓલાદ સુધારણા પર ધ્યાન આપીશું તો જ ભવિષ્યમાં દૂધ ઉત્પાદન અને આવકમાં વધારો શક્ય છે.

તેમણે પશુપાલકોને વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા અનુરોધ કરતા જણાવ્યું કે, "જન્મ પછી તુરંત કોલોસ્ટ્રમ (કરબ) પીવડાવવું, સમયસર રસીકરણ, યોગ્ય પોષણ અને ખનિજ મિશ્રણ જેવા નાના પગલાં પાડી-વાછરડીના ઝડપી વિકાસ માટે અનિવાર્ય છે".

સોતવાડા ગામ સમગ્ર દેશમાં 100% પશુ આધાર કાર્ડ લિંકિંગ પૂર્ણ કરનાર અનોખું ગામ બન્યું છે અને છેલ્લા 8 વર્ષથી HF ગાયોના કૃત્રિમ ગર્ભાધાન (AIT) માં જિલ્લામાં પ્રથમ સ્થાને છે.







મંડળી દ્વારા હાલમાં પ્રોજેની ટેસ્ટિંગ, પેડિગ્રી સિલેક્શન અને જીનોમિક્સ જેવા વિવિધ 8 જેટલા પ્રોજેક્ટ્સ કાર્યરત છે. આ યોજનાઓ હેઠળ પશુપાલકોને મિલ્ક રિપ્લેસર, કાલ્ફ સ્ટાર્ટર અને મિનરલ પાવડર જેવી સહાય પૂરી પાડવામાં આવે છે. નિર્ધારિત ઉંમરે વિયણ થયેલ પાડી/વાછરડી માટે પશુપાલકોને 8,270 સુધીની વધારાની સહાય મળે છે. અત્યાર સુધીમાં મંડળીના ગ્રાહકોને કુલ 1.55 કરોડથી વધુની પ્રોજેક્ટ આધારિત સહાય પ્રાપ્ત થઈ છે. નોંધનીય છે કે સોતવાડા ગામની વેટ એવરેજ 13 કિલોગ્રામ છે, જે બનાસકાંઠા અને ગુજરાતની સરેરાશ કરતા ઘણી વધારે છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે "આજની પાડી-વાછરડી એ આવતીકાલની ઉત્તમ દૂધાળ ગાય કે ભેંસ છે. પીટી અને પીએસ પ્રોગ્રામ દ્વારા આપણે એવી પશુસંપત્તિ તૈયાર કરી રહ્યા છીએ જે ભવિષ્યમાં પશુપાલકોની આર્થિક સ્થિતિ મજબૂત કરશે. પશુપાલન હવે માત્ર પરંપરા નહીં પણ એક વિજ્ઞાન છે, અને તેમાં સંવર્ધન તથા યોગ્ય માવજત જ સફળતાની ચાવી છે".

આ પ્રસંગે વિવિધ વર્ગમાં વિજેતા બનેલી પાડી-વાછરડીઓના માલિકોને માનનીય અધ્યક્ષશ્રીના હસ્તે ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પશુપાલન ક્ષેત્રમાં સંવર્ધન અને આરોગ્ય વ્યવસ્થાપન દ્વારા પશુપાલકોની આવકમાં નોંધપાત્ર વધારો કરી શકાય છે. આ કાર્યક્રમમાં બનાસ ડેરીના ડિરેક્ટર શ્રી જોયતાભાઈ પટેલ, એમ.ડી. શ્રી એસ. આર. ચૌધરી અને વરિષ્ઠ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં પશુપાલક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાફ રેલી દ્વારા ગ્રામ્ય સ્તરે પશુસંપત્તિના વિકાસ અને વૈજ્ઞાનિક પશુપાલન અંગે વ્યાપક જાગૃતિ ફેલાશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.



# બનાસ ડેરી: પશુધનના સર્વાંગી વિકાસ માટે સંપૂર્ણ પોષણ



બનાસ ડેરી, સહકારી ક્ષેત્રે એક અગ્રણી નામ, માત્ર દૂધ ઉત્પાદનમાં જ નહીં પરંતુ પશુધનના સ્વાસ્થ્ય અને ઉત્પાદકતા સુધારવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. પશુપાલકોની સમૃદ્ધિ અને તેમના પશુધનના ઉત્તમ સ્વાસ્થ્ય માટે બનાસ ડેરી વિવિધ પ્રકારના ગુણવત્તાયુક્ત પશુ આહાર ઉત્પાદનો પ્રદાન કરે છે. આ લેખમાં, આપણે બનાસ ડેરી દ્વારા પૂરા પાડવામાં આવતા વિશિષ્ટ પશુ આહાર ઉત્પાદનો અને તેના ફાયદાઓ વિશે વિગતવાર ચર્ચા કરીશું, જે પશુપાલકોને તેમના પશુધનની સંભાળ રાખવામાં મદદરૂપ થશે.

### સંતુલિત પોષણનું મહત્વ

પશુઓના સારા સ્વાસ્થ્ય, ઉચ્ચ દૂધ ઉત્પાદન અને પ્રજનન ક્ષમતા માટે સંતુલિત આહાર અત્યંત જરૂરી છે. યોગ્ય પોષણ પશુઓને રોગો સામે લડવાની શક્તિ આપે છે અને તેમનો આયુષ્ય પણ વધારે છે. બનાસ ડેરીના ઉત્પાદનો પશુઓની વિવિધ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરવામાં આવ્યા છે, જેથી તેમને સંપૂર્ણ અને સંતુલિત પોષણ મળી રહે.

### બનાસ ડેરીના વિશિષ્ટ પશુ આહાર ઉત્પાદનો

બનાસ ડેરી પશુઓની વિવિધ ઉંમર અને જરૂરિયાતોને અનુરૂપ ઉત્પાદનોની વિશાળ શ્રેણી પ્રદાન કરે છે. આ ઉત્પાદનો પશુઓના જીવનચક્રના દરેક તબક્કે તેમને શ્રેષ્ઠ પોષણ પૂરું પાડે છે.



### બનાસ બચ્ચાદાણ

તાજા જન્મેલા બચ્ચાઓમાં મરણની ટકાવારી ઓછી કરવા તેમજ ઝડપી શારીરિક વૃદ્ધિ કરવા માટે બનાસ બચ્ચાદાણ જન્મના ૯મા દિવસથી શરૂ કરી ૬ મહિનાની ઉંમર સુધી આપવામાં આવે છે. જીવનના ત્રીજા દિવસથી ૫૦ ગ્રામ પ્રતિ દિવસથી બનાસ બચ્ચાદાણ આપવાની શરૂઆત કરવી જોઈએ અને દરેક અઠવાડિયે તેની માત્રા વધારતા જવી. તેટલી માત્રામાં સાથે દૂધ ઘટાડતા જવું. જ્યાં સુધી બચ્ચાનું વજન ૮૦ કિ.ગ્રા. કે તેથી વધુ તંદુરસ્ત થાય ત્યાં સુધી ૨ કિ.ગ્રા. પ્રતિ દિવસ માત્રા ભરણ આપતા રહેવું.




| પોષક તત્વો (%) | પ્રમાણ |
|---|---|
| ભેજ (વધુમાં વધુ) | ૧૧.૦૦ |
| પ્રોટીન (ઓછામાં ઓછું) | ૨૩.૦૦ |
| ઓઇલ (ઓછામાં ઓછું) | ૪.૦૦ |
| રેસા યુક્ત તત્વ (વધુમાં વધુ) | ૯.૦૦ |
| સીલીકા (વધુમાં વધુ) | ૨.૦૦ |
| પેકિંગ સાઇઝ: ૫૦ કિ.ગ્રા | |




### બનાસ વિકાસદાણ

ઉંમર સાથે વિકાસ પામતા પશુના શારીરિક બંધારણ અને પ્રજનન અંગોના ઝડપી વિકાસ માટે બનાસ વિકાસદાણ આપવામાં આવે છે. બનાસ વિકાસદાણ ૬ મહિના પછીથી શરૂ કરી જ્યાં સુધી પશુ પ્રથમ વખત ગરમીમાં આવે ત્યાં સુધી ખવડાવવું જોઈએ. તેની માત્રા સવારે ૧ કિ.ગ્રા. અને સાંજે ૧ કિ.ગ્રા. રાખવી.

| પોષક તત્વો (%) | પ્રમાણ |
|---|---|
| ભેજ (વધુમાં વધુ) | ૧૧.૦૦ |
| પ્રોટીન (ઓછામાં ઓછું) | ૨૨.૦૦ |
| ઓઇલ (ઓછામાં ઓછું) | ૩.૦૦ |
| રેસા યુક્ત તત્વ (વધુમાં વધુ) | ૬.૦૦ |
| સીલીકા (વધુમાં વધુ) | ૨.૦૦ |
| પેકિંગ સાઇઝ: ૫૦ કિ.ગ્રા | |

## બનાસ સગર્ભાદાણ

આ દાણ પશુ ગર્ભાવસ્થાના છેલ્લા તબક્કામાં (વિયાણના ૨ મહિના બાકી) હોય ત્યારે આપવામાં આવે છે. બનાસ સગર્ભાદાણ DCAD (Dietary Cation-Anion Difference) ના સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલ છે. DCAD પદ્ધતિ એટલે ગર્ભાવસ્થાના છેલ્લા તબક્કામાં પશુના લોહીની સાંદ્રતા જો નેગેટિવ રાખવામાં આવે અને પશુનું વિયાણ થાય તો વિયાણ પછી મેટી ન પડવી કે, ઠંડી પડી જવું જેવી બીમારી થતી નથી. વિયાણ બાદ જો લોહીની સાંદ્રતા પૉઝિટિવ થાય તો પશુ જલદીથી દૂધ અને ખોરાક ઉપર આવી જાય છે. તેની માત્રા સવારે ૧.૫ કિ.ગ્રા. અને સાંજે ૧.૫ કિ.ગ્રા. રાખવી.







| પોષક તત્વો (%) | પ્રમાણ |
|---|---|
| ભેજ (વધુમાં વધુ) | ૧૧.૦૦ |
| પ્રોટીન (ઓછામાં ઓછું) | ૨૦.૦૦ |
| ઓઇલ (ઓછામાં ઓછું) | ૪.૦૦ |
| રેસા યુક્ત તત્વ (વધુમાં વધુ) | ૮.૦૦ |
| સીલીકા (વધુમાં વધુ) | ૨.૦૦ |
| પેકિંગ સાઇઝ: ૫૦ કિ.ગ્રા | |




## બનાસ ભેંસદાણ

પુખ્ત ભેંસના શરીરનું વજન (આશરે ૫૦૦ કિ.ગ્રા. કે તેથી વધુ) અને દૂધમાં ફેટની (૭% કે તેથી વધુ) ની ગેરંટી કરીને બનાસ ભેંસદાણ બનાવવામાં આવે છે, જે પશુને દૂધ ઉત્પાદન માટે તેમજ શરીરને જરૂરી પોષક તત્વો પૂરા પાડે છે. પશુને પ્રતિ ૧ લીટર દૂધની સામે ૫૦૦ ગ્રામ તેમજ ૧ કિ.ગ્રા. સવારે અને ૧ કિ.ગ્રા. સાંજે શરીરના નિભાવ માટે આપવું.

| પોષક તત્વો (%) | પ્રમાણ |
|---|---|
| ભેજ (વધુમાં વધુ) | ૧૧.૦૦ |
| પ્રોટીન (ઓછામાં ઓછું) | ૨૪.૦૦ |
| ઓઇલ (ઓછામાં ઓછું) | ૫.૦૦ |
| રેસા યુક્ત તત્વ (વધુમાં વધુ) | ૮.૦૦ |
| સીલીકા (વધુમાં વધુ) | ૨.૦૦ |
| પેકિંગ સાઇઝ: ૫૦ કિ.ગ્રા | |



## બનાસ ગાયદાણ

પુખ્ત ગાયના શરીરનું વજન (આશરે ૫૦૦ કિ.ગ્રા. કે તેથી વધુ) અને દૂધમાં ફેટ (૪.૦% કે તેથી વધુ) ની ગેરંટી કરીને બનાસ ગાયદાણ બનાવવામાં આવે છે, જે દૂધ ઉત્પાદન માટે તેમજ શરીરને જરૂરી પોષક તત્વો પૂરા પાડે છે. પશુને પ્રતિ ૧ લીટર દૂધની સામે ૫૦૦ ગ્રામ તેમજ ૧ કિ.ગ્રા. સવારે અને ૧ કિ.ગ્રા. સાંજે શરીરના નિભાવ માટે આપવું જોઇએ.

| પોષક તત્વો (%) | પ્રમાણ |
|---|---|
| ભેજ (વધુમાં વધુ) | ૧૧.૦૦ |
| પ્રોટીન (ઓછામાં ઓછું) | ૨૦.૦૦ |
| ઓઇલ (ઓછામાં ઓછું) | ૩.૦૦ |
| રેસા યુક્ત તત્વ (વધુમાં વધુ) | ૧૨.૦૦ |
| સીલીકા (વધુમાં વધુ) | ૨.૦૦ |
| પેકિંગ સાઇઝ: ૪૦ કિ.ગ્રા | |

## બનાસ મકાઈ ખોળ

બજારમાં વેચાતા ૪૦ કિ.ગ્રા. પેકિંગમાં અને અલગ-અલગ ક્વૉલિટીની ધરાવતા હલકી ગુણવત્તાવાળા મકાઇ ખોળના પર્યાય રૂપે બનાસ મકાઇ ખોળ બનાવવામાં આવેલ છે. બનાસ મકાઇ ખોળ પશુઓને દૂધ ઉત્પાદન માટે જરૂરી એનર્જી પૂરી પાડે છે. પશુને આપવાના ટોટલ દાણાના ૨૦% જેટલો મકાઇ ખોળ આપવો, જેમકે દરેક ૧૦ કિ.ગ્રા. કુલ દાણા આપવાના હોય તો ૮ કિ.ગ્રા. દાણા અને ૨ કિ.ગ્રા. બનાસ મકાઇ ખોળ મિક્સ કરી આપવું.




| પોષક તત્વો (%) | પ્રમાણ |
|---|---|
| ભેજ (વધુમાં વધુ) | ૦૪.૦૦ |
| પ્રોટીન (ઓછામાં ઓછું) | ૧૧.૦૦ |
| ઓઇલ (ઓછામાં ઓછું) | ૧૦.૦૦ |
| રેસા યુક્ત તત્વ (વધુમાં વધુ) | ૧૩.૦૦ |
| સીલીકા (વધુમાં વધુ) | ૦.૪૦ |
| પેકિંગ સાઇઝ: ૪૦ કિ.ગ્રા | |




## બનાસ સુપરમિન

દૂધ આપતા પશુઓમાં દૂધનું ઉત્પાદન તેમજ દૂધના ઘટક તત્વો જળવાઈ રહે તે માટે મિનરલ મિક્સર બનાસ સુપરમિન આપવામાં આવે છે. બનાસ સુપરમિન વારંવાર વિયાણા દૂધાળા પશુઓને સમયસર ગરમીમાં લાવે છે તેમજ ગર્ભધાન થવામાં મદદરૂપ થાય છે. તેની માત્રા ૧ લીટર દૂધની સામે ૧૦ ગ્રામ આપવી.

**પેકિંગ સાઇઝ: ૧ કિ.ગ્રા. તેમજ ૫ કિ.ગ્રા.**

## બનાસ સુપરફેટ

દૂધાળા પશુઓમાં દૂધની ક્ષમતા વધારવા તેમજ ફેટની માત્રા સુધારવા માટે બનાસ સુપરફેટ આપવામાં આવે છે. આ ઉત્પાદન પશુના શરીરની એનર્જીમાં વધારો કરે છે જે એનર્જી દૂધ વધારવામાં મદદ કરે છે. વધારામાં, બનાસ સુપરફેટ ગાય/ભેંસને અન્નના છેલ્લા ૨ મહિનામાં સુકાવાની પિરિયડ દરમિયાન પણ આપવું જોઈએ. તેની માત્રા ૧ લીટર દૂધની સામે ૧૦ ગ્રામ બનાસ સુપરફેટ આપવું જોઈએ. તેમજ ૫૦ ગ્રામ પ્રતિ દિવસ વિયાણના ૬૦ દિવસ પહેલેથી આપવું જોઈએ.

**પેકિંગ સાઇઝ: ૨ કિ.ગ્રા.**

## બનાસ સંવૃદ્ધિ

દૂધમાં આવેલ મેથિઓનિન અને લાયસીન પ્રોટીન તેના એસ.એન.એફ. (સૉલિડ્સ-નોટ-ફેટ) ના બંધારણ માટે જવાબદાર છે. જ્યારે પૂરતી માત્રામાં પ્રોટીન ખોરાકમાંથી પશુઓને મળતી નથી ત્યારે એસ.એન.એફ.ની કમી આવે છે. એસ.એન.એફ.ની સમસ્યા નિવારવા માટે બનાસ સંવૃદ્ધિ પાવડર આપવામાં આવે છે. વળી તેમાં પાચન શક્તિ સુધારવા માટે જીવંત યીસ્ટ કલ્ચર ભેળવેલ છે જે ખોરાકનું પાચન કરી વાયરસ બનાવે છે જે વાયરસ આગળ જતાં દૂધમાં પરિવર્તિત થાય છે. તેની માત્રા સવારે ૫૦ ગ્રામ અને સાંજે ૫૦ ગ્રામ રાખવી.

**પેકિંગ સાઇઝ: ૧ કિ.ગ્રા.**

## બનાસ ક્ષીરવૃદ્ધિ પ્લસ

પશુ વિયાણના તુરંત બાદ પશુઓમાં કેલ્શિયમની ઊણપ ઊભી ન થાય તે માટે બનાસ ક્ષીરવૃદ્ધિ પ્લસ બનાવવામાં આવેલ છે. પશુ વિયાણ તુરંત બાદ બનાસ ક્ષીરવૃદ્ધિ પ્લસ આપવામાં આવે તો પશુને મેથી પડવામાં સરળતા રહે છે, સુવારોગ થતો નથી અને દૂધ સરસવાઈ રહે છે. તેની માત્રા વિયાણ બાદ ૧૦૦ મિ.લી. સવારે અને ૧૦૦ મિ.લી. સાંજે આપવી.

**પેકિંગ સાઇઝ: ૫ કિ.ગ્રા. પ્લાસ્ટિક કેનલો**

બનાસ ડેરીના આ વિવિધ પશુ આહાર ઉત્પાદનો પશુપાલકોને તેમના પશુધનના સ્વાસ્થ્ય અને ઉત્પાદકતામાં સુધારો લાવવામાં મદદરૂપ થાય છે. યોગ્ય આહાર દ્વારા પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન મેળવી શકે છે અને આર્થિક રીતે વધુ સદ્ધર બની શકે છે. બનાસ ડેરી હંમેશા પશુપાલકોના હિતમાં કાર્યરત છે અને ભવિષ્યમાં પણ આવા ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પૂરા પાડીને પશુપાલન ક્ષેત્રે ક્રાંતિ લાવતી રહેશે. આ ઉત્પાદનો પશુઓના જીવનના દરેક તબક્કે તેમને જરૂરી પોષણ પૂરું પાડી, તંદુરસ્ત અને ઉત્પાદક જીવનશૈલી માટે પાયો નાખે છે.



# "બનાસ ડેરી દ્વારા જાંદલા ગામે 'કાફ રેલી'નું ભવ્ય આયોજન; પશુપાલનને આધુનિક અને વિજ્ઞાન આધારિત બનાવવાનો સંકલ્પ"

પશુપાલન વ્યવસાયને આધુનિકતાના પંથે લઈ જવાના દ્રઢ સંકલ્પ સાથે બનાસ ડેરી દ્વારા થરાદ તાલુકાના જાંદલા ગામે 'કાફ રેલી' (વાછરડી-પાડી પ્રદર્શન)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ખાસ ઉપસ્થિત રહી પશુપાલકો સાથે સીધો સંવાદ કર્યો હતો અને પશુપાલન ક્ષેત્રે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## વૈજ્ઞાનિક અભિગમ અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય

રેલીને સંબોધતા ચેરમેન શ્રીએ જણાવ્યું હતું કે, "પશુપાલન હવે માત્ર પરંપરાગત વ્યવસાય નથી, પરંતુ એક વિજ્ઞાન છે." તેમણે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને દૂધ ઉત્પાદન વધારવા પર ભાર મૂક્યો હતો. જાંદલા ગામની આ પ્રગતિની નોંધ લેતા તેમણે જણાવ્યું કે, આ ગામમાં 100% પશુઓનું આધાર કાર્ડ લિંકિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે. વધુમાં, ગામમાં 100% કૃત્રિમ ગર્ભાધાન અને રસીકરણનો સફળ અમલ થઈ રહ્યો છે, જે પશુપાલકોની જાગૃતિ દર્શાવે છે.

## પશુ આહાર અને સંવર્ધન પ્રોજેક્ટ્સ

બચ્ચાઓના યોગ્ય શારીરિક વિકાસ માટે સંતુલિત પશુ આહારની ભૂમિકા અંગે સમજ આપતા તેમણે જણાવ્યું કે, બનાસ ડેરી દ્વારા વૈજ્ઞાનિક ઢબે ઉછેર માટે વિવિધ સહાય યોજનાઓ અમલી છે.

**કાફ રેલીની વિગત:** આ રેલીમાં કુલ 56 પશુઓએ ભાગ લીધો હતો, જેમાં 39 પાડીઓ અને 17 કાંકરેજ વાછરડીઓ સામેલ હતી.

**આર્થિક સહાય:** જાંદલામાં અમલમાં રહેલ પ્રોજેક્ટ્સ અંતર્ગત પાડી-વાછરડી ઉછેર માટે ₹36,04,150 ની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

**ઉછેર કાર્યક્રમ (CRP):** બનાસ ડેરી દ્વારા વૈજ્ઞાનિક ઉછેર માટે એક પાડી/વાછરડી દીઠ કુલ ₹22,641.40 ની માતબર સહાય આપવામાં આવે છે, જેમાં મિલ્ક રિપ્લેસર, કાલ્ફ સ્ટાર્ટર અને મિનરલ પાવડરનો સમાવેશ થાય છે.







## આર્થિક સમૃદ્ધિનો મંત્ર

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકોને આધુનિક પદ્ધતિઓ અપનાવી આર્થિક રીતે વધુ સધ્ધર બનવાનો મંત્ર આપ્યો હતો. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે, જાંદલા ગામના બીજદાન કર્મચારીએ એમ્બ્રિયો ટ્રાન્સફર (ભ્રૂણ પ્રત્યારોપણ) ની સફળ તાલીમ લીધેલ છે, જે પશુ સુધારણા ક્ષેત્રે મોટી સિદ્ધિ છે. ગામની દૂધ ઉત્પાદકતાની વાત કરીએ તો, જાંદલામાં ભેંસની વેટ એવરેજ 6.87 અને HFCB ગાયની 10.87 કિલોગ્રામ છે, જે રાજ્ય અને દેશની સરેરાશ કરતા વધુ છે.

## ઇનામ વિતરણ અને પ્રોત્સાહન

- રેલીમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર પશુપાલકોને પ્રોત્સાહિત કરવા માટે ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું:
- પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઇનામ: વિજેતાઓને તગારું, મોરડો, બરણી (10 થી 20 લીટર), બચ્ચાદાણ, મિનરલ પાવડર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.
- ભાગ લેનાર તમામ પશુપાલકોને પણ પ્રોત્સાહન રૂપે કિટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

**બનાસ ડેરી હંમેશા પશુપાલકોના હિત અને તેમના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ રહી છે અને આવા કાર્યક્રમો થકી પશુપાલકોને આર્થિક સમૃદ્ધિ તરફ લઈ જવા સતત કાર્યરત છે.**





# ઉનાળાની કાળઝાળ ગરમીમાં પશુઓની માવજત: પશુપાલકો માટે વિશેષ માર્ગદર્શિકા

ગુજરાતમાં ઉનાળાની શરૂઆત થતાની સાથે જ તાપમાનનો પારો 40°C થી 45°C ને પાર કરી જાય છે. આ કાળઝાળ ગરમી માત્ર મનુષ્યો માટે જ નહીં, પરંતુ આપણા અબોલ પશુઓ માટે પણ અત્યંત કષ્ટદાયક હોય છે. જ્યારે વાતાવરણમાં ગરમી અને ભેજનું પ્રમાણ વધે છે, ત્યારે પશુઓ 'હીટ સ્ટ્રેસ' (ગરમીનો તણાવ) અનુભવે છે. જો આ સમયે યોગ્ય કાળજી રાખવામાં ન આવે, તો તેની સીધી અસર પશુના સ્વાસ્થ્ય અને દૂધ ઉત્પાદન પર પડે છે.

## પશુઓનો 'કમ્ફર્ટ ઝોન' અને હીટ સ્ટ્રેસ

દરેક પશુ માટે તાપમાન, ભેજ અને હવાની અવરજવરની એક ચોક્કસ મર્યાદા હોય છે જેમાં તે સૌથી વધુ આરામદાયક અનુભવે છે, જેને 'કમ્ફર્ટ ઝોન' કહેવામાં આવે છે. જ્યારે તાપમાન આ મર્યાદાથી વધી જાય, ત્યારે પશુ હીટ સ્ટ્રેસનો શિકાર બને છે.

**પશુપાલક મિત્રો, થોડી સાવચેતી અને આધુનિક પદ્ધતિઓ અપનાવીને આપણે પશુઓને ગરમીથી બચાવી શકીએ છીએ:**


## હીટ સ્ટ્રેસના કારણે થતું નુકસાન:

**દૂધ ઉત્પાદનમાં ઘટાડો:** ગરમીના કારણે દૂધમાં 15% થી 30% સુધીનો ઘટાડો થઈ શકે છે.

**ગુણવત્તામાં ઘટાડો:** દૂધમાં ફેટ (Fat) અને એસ.એન.એફ. (SNF) નું પ્રમાણ પણ ઘટે છે.

**ખોરાકમાં ઘટાડો:** પશુઓ ખોરાક લેવાનું 15% થી 25% ઓછું કરી દે છે.

**પ્રજનન ક્ષમતા પર અસર:** પશુઓ 'સાયલન્ટ હીટ' માં આવે છે અને ગર્ભધારણનો દર ઘટે છે.



## હીટ સ્ટ્રેસ ઘટાડવાના ટેકનિકલ ઉપાયો

આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને આપણે પશુઓને આરામ આપી શકીએ છીએ:

**એનિમલ કૂલિંગ સિસ્ટમ:** મોટા પંખા અને ફોગર્સ (ઝીણા ફુવારા) નો ઉપયોગ કરવો. પશુના શરીર પર પાણી છાંટવાથી તેનું શારીરિક તાપમાન ઝડપથી ઘટે છે.

**બનાસ ડેરીની સહાય:** ખાસ નોંધનીય છે કે બનાસ ડેરી પશુપાલકોને એનિમલ કૂલિંગ સિસ્ટમ માટે 40% સુધીની આર્થિક સહાય પૂરી પાડે છે. પશુપાલકોએ પોતાની મંડળી મારફતે આ યોજનાનો અવશ્ય લાભ લેવો જોઈએ.

## રહેઠાણની આધુનિક વ્યવસ્થા

પશુઓને ગરમીથી બચાવવા માટે તેમનું રહેઠાણ ઠંડું રાખવું સૌથી મહત્વનું છે:

**શેડની ઊંચાઈ:** પશુઓનો શેડ મધ્યમાં 12 થી 15 ફૂટ અને બાજુમાં 8 થી 10 ફૂટ ઊંચો હોવો જોઈએ જેથી હવાની અવરજવર જળવાય.

**છાપરાની માવજત:** જો શેડ પતરાનો હોય, તો તેના પર ઘાસ અથવા ડાંગરના પૂળા પાથરી શકાય. પતરાની ઉપર સફેદ ચૂનો લગાવવાથી તે સૂર્યના કિરણોને પરાવર્તિત કરે છે અને અંદરનું તાપમાન 3°C થી 5°C જેટલું ઘટાડે છે.

**વૃક્ષારોપણ:** શેડની આસપાસ લીમડો, વડ કે પીપળા જેવા ઘટાદાર વૃક્ષો હોવા જોઈએ જે કુદરતી એર-કંડિશનરનું કામ કરે છે.









## પાણી અને ખોરાકનું આયોજન

**સ્વચ્છ અને ઠંડું પાણી:** પશુઓને 24 કલાક પીવા માટે ઠંડું પાણી ઉપલબ્ધ કરાવો. ગરમીમાં પશુની પાણીની જરૂરિયાત સામાન્ય કરતાં 50% થી 100% વધી શકે છે.

**ખોરાકનો સમય:** બપોરના સમયે પશુઓને ભારે ખોરાક આપવાનું ટાળવું જોઈએ. સવારે 9 વાગ્યા પહેલા અને સાંજે 6 વાગ્યા પછી જ્યારે વાતાવરણ ઠંડું હોય ત્યારે જ ખોરાક આપવો.

**લીલો ચારો:** ઉનાળામાં પશુઓને પૂરતા પ્રમાણમાં લીલો ચારો આપવો જોઈએ, કારણ કે તેમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે જે શરીરને ઠંડક આપે છે.

## સ્વાસ્થ્ય અને પ્રજનન પર ખાસ ધ્યાન

**મિનરલ મિક્સર:** ગરમીમાં પરસેવા વાટે પશુના શરીરમાંથી ક્ષારો નીકળી જાય છે. તેથી ખોરાકમાં દરરોજ 50 થી 100 ગ્રામ સારું મિનરલ મિક્સર આપવું જોઈએ.

**રસીકરણ:** ચોમાસું શરૂ થાય તે પહેલાં જ ગળસૂંઢા અને આન્થ્રેક્સ જેવી બીમારીઓ સામે રસીકરણ કરાવી લેવું હિતાવહ છે.

**પ્રજનન:** ઉનાળામાં પશુઓ ઘણીવાર 'સાયલન્ટ હીટ' માં આવે છે. તેથી વહેલી સવારે અથવા મોડી રાત્રે પશુના વર્તનમાં આવતા બદલાવને બારીકાઈથી તપાસવા જોઈએ.



આધુનિક સમયમાં સ્પ્રિંકલર (પાણી છાંટવાની સિસ્ટમ) અને ફોગર્સ ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થયા છે. બનાસ ડેરી (સંઘ) દ્વારા પશુપાલકોના હિતમાં ઍનિમલ કૂલિંગ સિસ્ટમ લગાવવા માટે 40% સુધીની સહાય આપવામાં આવે છે. દરેક પશુપાલકે આ સરકારી અને સંઘની યોજનાનો લાભ લેવો જોઈએ.

પશુ એ પશુપાલકનું જીવંત ધન છે. જો આપણે આ ઉનાળે પશુઓની યોગ્ય માવજત કરીશું, તો પશુઓ તંદુરસ્ત રહેશે, તેમનું આયુષ્ય વધશે અને આપણું દૂધ ઉત્પાદન પણ જળવાઈ રહેશે. ચાલો, આ ઉનાળે આપણા અબોલ પશુઓની કાળજી લેવાનો સંકલ્પ કરીએ.



"શ્વેત ક્રાંતિના પાયામાં માતૃશક્તિનો પરસેવો."

# બનાસકાંઠામાં ગોબરગેસ ક્રાંતિ: પશુપાલકો માટે સમૃદ્ધિનો નવો માર્ગ

**બનાસ ડેરી અને સરકારના સંયુક્ત સહયોગથી 'ગોબરધન યોજના' હેઠળ બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાને**





બનાસકાંઠાની ધરતી હંમેશા શ્વેત ક્રાંતિ માટે જાણીતી રહી છે, પરંતુ હવે આ જ ધરતી પર એક નવી 'ઊર્જા ક્રાંતિ' ના મંડાણ થયા છે. બનાસ ડેરી અને સરકારના સંયુક્ત પ્રયાસોથી અમલી બનેલી 'ગોબરધન યોજના' હેઠળ બનાસકાંઠા જિલ્લો સમગ્ર ગુજરાતમાં ગોબરગેસ કનેક્શન બાબતે પ્રથમ ક્રમે આવ્યો છે. આ યોજના પશુપાલકો માટે માત્ર આર્થિક બચત જ નહીં, પણ પર્યાવરણની જાળવણી અને આરોગ્યપ્રદ જીવનશૈલીનો પણ પર્યાય બની રહી છે.

### બનાસકાંઠા: ગુજરાતનો મોડેલ જિલ્લો

સમગ્ર ગુજરાતના ૩૩ જિલ્લાઓમાં અંદાજે ૭૦૦૦ જેટલા બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે, જેમાંથી એકલા બનાસકાંઠા જિલ્લામાં ૧૪૧૧થી વધુ ઘરેલું ગોબરગેસ કનેક્શન છે. આ આંકડો દર્શાવે છે કે રાજ્યના કુલ ગોબરગેસ પ્લાન્ટમાં બનાસકાંઠાનો હિસ્સો આશરે ૨૦% જેટલો છે. જિલ્લાના થરાદ, ભાભર, સુઈગામ, કાંકરેજ, દિયોદર, લાખણી અને વડગામ જેવા તાલુકાઓમાં આ યોજનાનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે.

ખાસ કરીને થરાદ તાલુકાના સણધર, ડેલ અને જાંદલા જેવા ગામોમાં તો ૮૫% થી વધુ પશુપાલકોએ ગોબરગેસ અપનાવીને એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કાંકરેજના સલીમગઢમાં પણ ૬૮ પશુપાલકોએ એકસાથે ગેસ પ્લાન્ટ માટે અરજી કરીને આ અભિયાનમાં જોડાયા છે.

### યોજનાની વિશેષતાઓ અને સહાય

બનાસ ડેરીના આસી. જનરલ મેનેજર કરસનભાઈ ચૌધરીના જણાવ્યા અનુસાર, આ યોજના હાલ જિલ્લાના સાત તાલુકાઓમાં અમલમાં છે. જે પશુપાલકો પાસે ઓછામાં ઓછા બે પશુઓ છે, તેઓ આ યોજનાનો લાભ લઈ શકે છે.
**યુનિટ કોસ્ટ:** ૪૨,૦૦૦ રૂપિયાની કીટ આપવામાં આવે છે.
**લાભાર્થીનો ફાળો:** પશુપાલકોએ માત્ર ૫,૦૦૦ રૂપિયાનો ફાળો જમા કરાવવાનો રહે છે, બાકીની રકમ સરકાર અને ડેરી દ્વારા સહાય પેટે આપવામાં આવે છે.

### ગોબરગેસ કેવી રીતે બને છે?

ગોબરગેસ પ્લાન્ટ એ ગાય-ભેંસના ગોબર અને રસોડાના ઓર્ગેનિક કચરામાંથી ગેસ અને ખાતર બનાવવાની એક સરળ અને વૈજ્ઞાનિક વ્યવસ્થા છે. ગોબર અને પાણીને ભેળવીને બનાવેલી 'સ્લરી' ને બંધ ટાંકી (ડાયજેસ્ટર) માં નાખવામાં આવે છે. અંદર ઓક્સિજન વગર બેક્ટેરિયા ગોબરને સડાવીને મિથેન ગેસ બનાવે છે, જે પાઈપ દ્વારા સીધો રસોડામાં પહોંચે છે.

### ગોબરગેસના અનેક ફાયદાઓ

ગોબરગેસ અપનાવવાથી પશુપાલકોને અનેક પ્રકારે ફાયદો થાય છે:
**આર્થિક બચત:** L P G સિલિન્ડરના ખર્ચમાંથી મુક્તિ મળે છે. પશુપાલકો દર મહિને હજારો રૂપિયાની બચત કરી શકે છે.
**ઉત્તમ ઓર્ગેનિક ખાતર:** ગેસ બન્યા પછી બહાર નીકળતી 'સ્લરી' એ ખેતી માટે ઉત્તમ પ્રકારનું કુદરતી ખાતર છે. આ ખાતરના ઉપયોગથી રાસાયણિક ખાતરનો ખર્ચ ઘટે છે અને જમીનની ફળદ્રુપતા વધે છે.
**સ્વચ્છતા અને આરોગ્ય:** રસોડામાં ધુમાડાથી મુક્તિ મળે છે, જેનાથી મહિલાઓના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે અને વાસણો પણ કાળા થતા નથી. સાથે જ પશુઓના છાણનો યોગ્ય નિકાલ થવાથી ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ ઘટે છે.
**પર્યાવરણની જાળવણી:** લાકડાનો બળતણ તરીકે ઉપયોગ ઘટતા વૃક્ષો કપાતા અટકે છે અને પ્રદૂષણમાં ઘટાડો થાય છે.
**સમયની બચત:** બળતણ માટે લાકડા વીણવા કે છાણા બનાવવાની મહેનતમાંથી મુક્તિ મળે છે, જેનાથી પશુપાલક બહેનોના સમયની બચત થાય છે.


બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠાના પશુપાલકો આજે આધુનિક ટેકનોલોજી અપનાવી રહ્યા છે. ગોબરધન યોજના દ્વારા પશુપાલકો 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવીને આર્થિક રીતે સમૃદ્ધ બની રહ્યા છે. જો તમે પણ પશુપાલક છો, તો આજે જ તમારી દૂધ મંડળીનો સંપર્ક કરી આ યોજનાનો લાભ લો અને સ્વચ્છ ઊર્જા તરફ કદમ વધારો.



# શિક્ષણ: પ્રગતિનો પાયો અને સાચા વિકાસનો માર્ગ

તાજેતરમાં બનાસ ડેરી દ્વારા ધાનેરા વિસ્તારમાં આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં, બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સમાજને સ્પર્શી જાય તેવા અને પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા. તેમણે સમાજમાં પ્રવર્તતી એક ગંભીર સમસ્યા પર પ્રકાશ પાડ્યો – શિક્ષણ પાછળ થતા ઓછા ખર્ચ અને લગ્ન જેવા સામાજિક પ્રસંગો પાછળ થતા અતિશય ખર્ચનું અસંતુલન. શ્રી ચૌધરીએ ભારપૂર્વક જણાવ્યું કે જો આપણે સાચા અર્થમાં પ્રગતિ સાધવી હોય તો આ 'ઉંધા ગણિત' ને 'સીધા કરવા' પડશે અને શિક્ષણમાં રોકાણને પ્રાથમિકતા આપવી પડશે.





## શિક્ષણ વિરુદ્ધ લગ્ન ખર્ચ: એક સામાજિક વિશ્લેષણ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ એક કડવી વાસ્તવિકતા રજૂ કરી:

આપણા સમાજમાં ગરીબમાં ગરીબ માણસ પણ લગ્ન પાછળ નવ લાખ રૂપિયાનો ખર્ચ કરવા તૈયાર હોય છે, જ્યારે શિક્ષણ પાછળ માંડ એકાદ લાખ રૂપિયા ખર્ચાય છે. તેમણે આ સ્થિતિને 'આપણે આપણો પાયો જ ખોટો નાખ્યો છે' કહીને વર્ણવી. લગ્નના ભવ્ય મંડપ, મોટા જમણવાર, અને મેળાવડા એક દિવસની ક્ષણિક ખુશી આપે છે. મહેમાનો 'ઝબ્બર કર્યું, ઝબ્બર કર્યું!' કહીને વખાણ કરે છે, પરંતુ બીજા જ દિવસે બધું ભૂલી જાય છે. એક દિવસનો દસ લાખનો ફટાકો ફૂટે છે અને વાત પૂરી થાય છે. આનાથી વિપરીત, જ્યારે દીકરા-દીકરીના ભણતર માટે દસ લાખ ખર્ચવાની વાત આવે છે, ત્યારે ઘણા લોકો ખચકાય છે, ખાસ કરીને દીકરીના શિક્ષણ માટે તો 'એને તો પારકે ઘરે જવાનું છે' જેવા પાયાવિહોણા તર્કો આપવામાં આવે છે. આ માનસિકતા સમાજની પ્રગતિમાં સૌથી મોટો અવરોધ છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ભારપૂર્વક જણાવ્યું કે આ 'ઉંધા ગણિત' ને 'સીધા કરવા' અત્યંત આવશ્યક છે. જો આપણે શિક્ષણમાં 90% ખર્ચ કરીએ અને લગ્નમાં 10% ખર્ચ કરીએ, તો જ કોઈપણ જ્ઞાતિ કે સમાજ સાચી પ્રગતિ કરી શકે. દુનિયાના જે દેશો વિકસિત અને સમૃદ્ધ છે, તેઓ આ જ સિદ્ધાંત અપનાવે છે. તેઓ શિક્ષણમાં મોટા પાયે રોકાણ કરે છે અને સામાજિક પ્રસંગોમાં મર્યાદિત ખર્ચ કરે છે. દાખલા તરીકે, જો કોઈ વ્યક્તિ શિક્ષણ પાછળ દસ લાખ રૂપિયા ખર્ચે, તો તે લગ્ન પાછળ એક લાખ રૂપિયાથી વધુ ખર્ચ નહીં કરે. આપણા સમાજમાં આનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ જોવા મળે છે, જે બદલવી અનિવાર્ય છે.





## બનાસ ડેરીનું શિક્ષણ ક્ષેત્રે યોગદાન

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ, બનાસ ડેરી માત્ર દૂધ ઉત્પાદન અને પશુપાલકોના ઉત્કર્ષ પૂરતી સીમિત નથી, પરંતુ શિક્ષણ ક્ષેત્રે પણ અગ્રેસર રહી છે. બનાસ ડેરી ખેડૂતોની માલિકી ધરાવતી સંસ્થા હોવા છતાં, સમાજને શિક્ષણના માધ્યમથી સશક્ત બનાવવા માટે અનેક પહેલ કરી છે. બનાસ મેડિકલ કોલેજ, મોરિયા, ઉચ્ચ તબીબી શિક્ષણનું પ્રતીક બની છે, જ્યાં ભાવિ ડોક્ટરોનું ઘડતર થાય છે. સૈનિક સ્કૂલ દ્વારા યુવાનોમાં રાષ્ટ્રભક્તિ, શિસ્ત અને નેતૃત્વના ગુણોનું સિંચન કરવામાં આવે છે, જે તેમને દેશના સૈનિક તરીકે સેવા આપવા માટે તૈયાર કરે છે. આ ઉપરાંત, નર્સિંગ કોલેજ આરોગ્ય ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતી યુવતીઓ માટે ઉજ્જવળ તકો પૂરી પાડે છે. આ તમામ સંસ્થાઓ દ્વારા બનાસ ડેરી શિક્ષણને પ્રોત્સાહન આપીને સમાજમાં જ્ઞાનનો દીપ પ્રગટાવી રહી છે અને સાચા અર્થમાં સામાજિક પરિવર્તન લાવી રહી છે.

## મહિલા સશક્તિકરણ: શ્રી શંકરભાઈ ચૌધરીનું વિઝન

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું વિઝન માત્ર શિક્ષણ પૂરતું સીમિત નથી, પરંતુ મહિલા સશક્તિકરણ પર પણ વિશેષ ભાર મૂકે છે. તેમના નેતૃત્વ હેઠળ, બનાસ ડેરી મહિલા પશુપાલકોને આર્થિક રીતે સધ્ધર અને સમૃદ્ધ બનાવવા માટે અથાક પ્રયાસો કરી રહી છે. ગ્રામીણ અર્થતંત્રમાં મહિલાઓનું યોગદાન અતુલ્ય છે, અને તેમને યોગ્ય તાલીમ, સંસાધનો અને સહાય પૂરી પાડીને, બનાસ ડેરી તેમને આત્મનિર્ભર બનાવી રહી છે. આનાથી માત્ર મહિલાઓનું જ નહીં, પરંતુ તેમના પરિવારો અને સમગ્ર સમાજનું જીવનધોરણ ઊંચું આવે છે. મહિલાઓ જ્યારે આર્થિક રીતે સક્ષમ બને છે, ત્યારે તેઓ પોતાના બાળકોના શિક્ષણ અને પરિવારના કલ્યાણ માટે વધુ સક્ષમ બને છે, જે સમાજની સર્વાંગી પ્રગતિ માટે અનિવાર્ય છે.

## મહિલા સશક્તિકરણ અને આર્થિક સમૃદ્ધિ

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ મહિલા પશુપાલકોને સાચા અર્થમાં 'ગૃહિણીથી ઉદ્યોગ સાહસિક' બનાવી છે. મહિલાઓ આર્થિક રીતે સધ્ધર બને અને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બને તે માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે. જ્યારે ઘરની લક્ષ્મી શિક્ષિત અને આર્થિક રીતે સમૃદ્ધ હશે, ત્યારે આખો પરિવાર અને આવનારી પેઢી આપોઆપ સંસ્કારી અને શિક્ષિત બનશે.



## આપણી નૈતિક જવાબદારી

ચેરમેનશ્રીનો સંદેશ સ્પષ્ટ છે: દીકરીને 'પારકું ધન' ગણીને તેના શિક્ષણમાં પાછીપાની ન કરો. દીકરી ભણશે તો બે કુળને તારશે. લગ્નપ્રસંગોની વાહ-વાહ ક્ષણિક છે, પરંતુ શિક્ષણ દ્વારા મળેલી સફળતા પેઢીઓ સુધી ટકી રહે છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શબ્દોમાં, શિક્ષણ એ જ સાચી પ્રગતિનો પાયો છે. ખોટા ખર્ચાઓ ટાળીને, શિક્ષણમાં સમજદારીપૂર્વક રોકાણ કરીને જ આપણે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકીએ છીએ. બનાસ ડેરી અને તેના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું વિઝન સમાજ ઉત્થાન અને સર્વાંગી વિકાસનું પ્રતીક છે. તેમનો સંદેશ સ્પષ્ટ છે: શિક્ષણને પ્રાથમિકતા આપો, કારણ કે તે જ એકમાત્ર એવું રોકાણ છે જે પેઢી દર પેઢી સુધી ફળ આપે છે અને સમાજને સાચા અર્થમાં સમૃદ્ધ બનાવે છે. ચાલો, આપણે સૌ સાથે મળીને શંકરભાઈના આ આહવાનને ઝીલી લઈએ. લગ્નના બિનજરૂરી ખર્ચ ઘટાડીએ અને તે જ રકમ આપણા સંતાનોના ભવિષ્ય એટલે કે 'શિક્ષણ'માં રોકીએ. બનાસ ડેરી હંમેશા શિક્ષણ અને સામાજિક ઉત્થાનના આ યજ્ઞમાં તમારી સાથે છે. ચાલો આપણે સૌ એક સુશિક્ષિત, સશક્ત અને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરીએ.







**"ભારતમાં COOPERATIVES,**
**આપણા DAIRY SECTOR ને....**
**આપણી RURAL ECONOMY ને એક નવી શક્તિ આપી રહ્યા છે."**

# બનાસ ડેરી: હવે વિશ્વને પોષણ પૂરું પાડવામાં અગ્રેસર બનશે



### બનાસ ડેરીની કરોડરજ્જુ: મહિલા પશુપાલકોની સિંહફાળે ભૂમિકા

બનાસ ડેરી આજે જે વૈશ્વિક શિખરો સર કરી રહી છે, તેની પાછળ બનાસકાંઠાની લાખો મહિલા પશુપાલકોની મહેનત અને સમર્પણ રહેલું છે. શંકરભાઈ ચૌધરીએ હંમેશા પશુપાલન ક્ષેત્રે મહિલાઓના સશક્તિકરણ પર ભાર મૂક્યો છે.

**આર્થિક સ્વાવલંબન:** બનાસ ડેરી સાથે જોડાયેલી હજારો મહિલાઓ આજે પશુપાલન દ્વારા પોતાના પરિવારને આર્થિક ટેકો પૂરો પાડી રહી છે. દૂધના વ્યવસાયથી થતી આવક સીધી તેમના બેંક ખાતામાં જમા થાય છે, જે તેમને 'આત્મનિર્ભર' બનાવે છે.

**સફેદ ક્રાંતિના સાચા શિલ્પી:** ઘરકામની સાથે સાથે પશુઓની માવજત, ઘાસચારો અને દૂધ ભરવા સુધીની તમામ જવાબદારીઓ મહિલાઓ કુશળતાપૂર્વક નિભાવે છે. આ આધુનિક ડેરી ઉદ્યોગમાં મહિલાઓનું વ્યવસ્થાપન જ બનાસ ડેરીની ગુણવત્તાનો પાયો છે.

**નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી:** સહકારી મંડળીઓથી લઈને ડેરીના વહીવટ સુધી મહિલાઓની ભાગીદારી વધી છે. પશુપાલન હવે માત્ર પરંપરાગત વ્યવસાય નથી રહ્યો, પરંતુ મહિલાઓના નેતૃત્વ હેઠળ એક આધુનિક ઉદ્યોગ બની ગયો છે.

### વૈશ્વિક ફલક પર ભારતનું સ્થાન

હાલમાં વિશ્વમાં બ્રાઝિલ, અમેરિકા અને ન્યુઝીલેન્ડ જેવા દેશો ડેરી ઉદ્યોગમાં ખૂબ આગળ છે. જોકે, ભારત હાલમાં આ યાદીમાં થોડું પાછળ છે, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને સહકારી માળખાના માધ્યમથી જે રીતે કામગીરી થઈ રહી છે, તેને જોતા આગામી 8 થી 10 વર્ષમાં ભારત વિશ્વની ડેરી બનવા તરફ આગળ વધી રહ્યું છે.

### બનાસ ડેરીની મહત્ત્વની ભૂમિકા

શંકરભાઈએ જણાવ્યું હતું કે, જે રીતે હાલમાં અન્ય દેશો ચીન, રશિયા અને ગલ્ફ કન્ટ્રીઝ સુધી દૂધ અને પાવડર પહોંચાડી રહ્યા છે, તેવી જ રીતે આગામી વર્ષોમાં ભારત પણ વૈશ્વિક સ્તરે મોટું નામ બનાવશે.

આ પરિવર્તનમાં બનાસ ડેરી સૌથી મોટા પ્લેયર - Key Player તરીકે ઉભરી આવશે.

### આહારની કટોકટી અને ન્યુટ્રિશનનું મહત્વ

ભવિષ્યમાં જ્યારે વિશ્વમાં ખોરાકની અછત ઊભી થશે, ત્યારે 'ન્યુટ્રિશન યુક્ત ફૂડ' એટલે કે પોષક આહારની માંગ વધશે. જે રીતે શાકભાજી અને ફળો પોષણ માટે જરૂરી છે, તેટલું જ મહત્વ દૂધનું પણ છે.

**નવો અભિગમ:** બનાસ ડેરી માત્ર દૂધના ઉત્પાદન સુધી મર્યાદિત ન રહેતા, હવે વિશ્વને શ્રેષ્ઠ પોષણ પૂરું પાડવાના મિશન પર કામ કરશે.

**સહકારથી સમૃદ્ધિ:** પશુપાલકો અને સહકારી મંડળીઓના માધ્યમથી બનાસ ડેરી આંતરરાષ્ટ્રીય બજારમાં પોતાની આગવી ઓળખ બનાવશે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના આ આત્મવિશ્વાસપૂર્ણ વક્તવ્યથી સ્પષ્ટ થાય છે કે, બનાસકાંઠાની આ ડેરી માત્ર ગુજરાત કે ભારતનું જ ગૌરવ નથી, પરંતુ તે આવનારા સમયમાં વિશ્વના કરોડો લોકો માટે પોષણનું માધ્યમ બનશે.

**"જ્યારે વિશ્વને પોષણ પૂરું પાડવાની વાત આવે છે, ત્યારે બનાસની આ માતૃશક્તિ જ સૌથી મોટું પીઠબળ બનીને ઊભી રહેશે."**






> "
> **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું વિઝન: પશુપાલન અને મહિલા સશક્તિકરણનો નવો સૂર્યોદય**
> "

ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થાના હૃદય સમાન પશુપાલન ક્ષેત્ર આજે એક અભૂતપૂર્વ પરિવર્તનના આરે ઊભું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં, પશુપાલન માત્ર એક વ્યવસાય મટીને ગ્રામીણ સમૃદ્ધિ અને મહિલા સશક્તિકરણનું સબળ માધ્યમ બન્યું છે. બનાસ ડેરી, જે આજે એશિયાની સૌથી મોટી ડેરી તરીકે ઉભરી આવી છે, તે વડાપ્રધાનશ્રીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનનું જીવંત ઉદાહરણ છે.

## પશુપાલન: ગ્રામીણ અર્થતંત્રનો મજબૂત સ્તંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી હંમેશા માને છે કે પશુપાલન ક્ષેત્ર એ ગ્રામીણ અર્થવ્યવસ્થાનો 'હાઈ-ગ્રોથ પિલર' છે. ભારત આજે વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે, અને આ સફળતા પાછળ વૈજ્ઞાનિક અભિગમ અને આધુનિક ટેકનોલોજીનો મોટો હાથ છે. વડાપ્રધાનશ્રીના વિઝન મુજબ, પશુપાલનમાં માત્ર ઉત્પાદન વધારવું પૂરતું નથી, પરંતુ પશુઓની ઓલાદ સુધારણા (Breeding Quality), રોગ નિવારણ અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન પર ધ્યાન આપવું અનિવાર્ય છે.

રાષ્ટ્રીય ગોકુલ મિશન અને પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કરોડો પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે, જેનાથી પશુપાલકોના આર્થિક નુકસાનમાં ઘટાડો થયો છે. કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) ની સુવિધા હવે પશુપાલકોને પણ ઉપલબ્ધ કરાવીને તેમને સાહુકારોના ચુંગાલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.



## મહિલા સશક્તિકરણ: ડેરી ઉદ્યોગની કરોડરજ્જુ

ડેરી ક્ષેત્રમાં મહિલાઓનું યોગદાન અમૂલ્ય છે. વડાપ્રધાનશ્રીના મતે, જ્યારે એક મહિલા આર્થિક રીતે સશક્ત બને છે, ત્યારે આખો પરિવાર અને સમાજ પ્રગતિ કરે છે. 'લખપતિ દીદી' અભિયાન આ વિઝનનું એક મહત્વનું પાસું છે. વર્ષ ૨૦૨૯ સુધીમાં ૩ કરોડ મહિલાઓને 'લખપતિ દીદી' બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રની બહેનોની ભૂમિકા પાયાની છે.

બનાસ ડેરીના માધ્યમથી હજારો મહિલાઓ આજે માત્ર દૂધ ઉત્પાદક જ નહીં, પણ સફળ ઉદ્યોગસાહસિક બની છે. વડાપ્રધાનશ્રી જ્યારે પણ બનાસકાંઠા કે કાશીની મુલાકાતે આવે છે, ત્યારે તેઓ અચૂકપણે પશુપાલક બહેનો સાથે સંવાદ કરે છે. આ સંવાદોમાં બહેનોના આત્મવિશ્વાસમાં થયેલો વધારો સ્પષ્ટપણે દેખાય છે. દૂધના વેચાણથી મળતી રકમ સીધી બહેનોના બેંક ખાતામાં જમા થવાથી તેમને આર્થિક સ્વતંત્રતા અને સામાજિક સન્માન મળ્યું છે.





## બનાસ ડેરી: એક વૈશ્વિક મોડેલ

બનાસ ડેરીએ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ટેકનોલોજી અને સહકારનો અદભૂત સમન્વય સાધ્યો છે. ગોબરધન યોજના દ્વારા પશુઓના છાણમાંથી બાયો-સીએનજી અને ખાતર બનાવીને પશુપાલકોની આવક બમણી કરવાની દિશામાં બનાસ ડેરીએ ક્રાંતિકારી ડગ માંડ્યા છે. ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પશુઓ માટેના ડિજિટલ આઈડી જેવી પહેલોથી પશુપાલન ક્ષેત્ર વધુ પારદર્શક અને કાર્યક્ષમ બન્યું છે.

બનાસ ડેરીની સફળતા હવે માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત નથી. વડાપ્રધાનશ્રીના આગ્રહથી બનાસ ડેરીએ ઉત્તર પ્રદેશના કાશી (વારાણસી) માં પણ પશુપાલકોના ભાગ્ય બદલવાનું કામ શરૂ કર્યું છે. આ દર્શાવે છે કે એક સફળ સહકારી મોડેલ કેવી રીતે સમગ્ર દેશમાં પરિવર્તન લાવી શકે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીનું વિઝન સ્પષ્ટ છે: પશુપાલન ક્ષેત્રને આધુનિક બનાવવું અને મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર કરવી. બનાસ ડેરી આ વિઝનને સાકાર કરવામાં અગ્રેસર છે. આવનારા સમયમાં 'વ્હાઇટ રિવોલ્યુશન ૨.0' (શ્વેત ક્રાંતિ ૨.0) દ્વારા ભારત વિશ્વની ડેરી તરીકે ઉભરી આવશે, જેમાં આપણી પશુપાલક બહેનો અને બનાસ ડેરી જેવી સંસ્થાઓનો સિંહફાળો હશે.

ચાલો, આપણે સૌ સાથે મળીને વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત'ના સંકલ્પને પશુપાલન અને મહિલા શક્તિના જોરે સાકાર કરીએ.



# જળ એ જ પશુપાલનનો પ્રાણ: બનાસ ડેરીના જળસંચય અભિયાનથી આવી ગ્રામીણ સમૃદ્ધિની નવી લહેર

**"એક એક બુંદ પાણી, જીવનનો આધાર છે; પશુપાલન માટે તો પાણી જ સર્વસ્વ છે."**

કુદરતની અમૂલ્ય ભેટ એટલે પાણી. માનવ જીવન હોય કે પશુ-પંખી, પાણી વગર જીવવાની કલ્પના અશક્ય છે. ખાસ કરીને જ્યારે આપણે પશુપાલન અને ડેરી વ્યવસાયની વાત કરીએ છીએ ત્યારે પાણી એ માત્ર જરૂરિયાત નથી, પણ આ વ્યવસાયનો મજબૂત પાયો છે. પાણી પશુપાલન અને ડેરી ઉદ્યોગની જીવાદોરી છે. પશુપાલન વ્યવસાયમાં પાણીનું મહત્વ ખોરાક જેટલું જ, કદાચ તેનાથી પણ વિશેષ છે. પશુઓના ઉત્તમ સ્વાસ્થ્યથી લઈને દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ અને ગ્રામીણ આજીવિકાને સુરક્ષિત કરવા સુધી, પાણી દરેક તબક્કે અનિવાર્ય છે.

### પશુપાલન માટે પાણીની અનિવાર્યતા

પશુઓના સ્વાસ્થ્ય અને દૂધ ઉત્પાદનનો સીધો સંબંધ પાણી સાથે જોડાયેલો છે. એક સ્વસ્થ પશુને માત્ર પીવા માટે જ નહીં, પરંતુ તેના ખોરાક એવા 'લીલા ઘાસચારા' માટે પણ વિપુલ પ્રમાણમાં પાણીની જરૂર પડે છે. જો પાણીની અછત હોય, તો પશુઓનું સ્વાસ્થ્ય બગડે છે, દૂધ ઉત્પાદન ઘટે છે અને અંતે પશુપાલકની આજીવિકા જોખમાય છે. ટૂંકમાં, 'પાણી નથી તો લીલો ચારો નથી, લીલો ચારો નથી તો સ્વસ્થ પશુ નથી, અને સ્વસ્થ પશુ નથી તો દૂધ ઉત્પાદન નથી.'

### બનાસ ડેરીનું વિઝનરી નેતૃત્વ અને જળસંચયના કાર્યો

બનાસકાંઠા જેવા અર્ધ-શુષ્ક વિસ્તારમાં પાણીની કિંમત બનાસ ડેરી સારી રીતે જાણે છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના મજબૂત અને દૂરંદેશી નેતૃત્વ હેઠળ, બનાસ ડેરીએ માત્ર દૂધ એકત્રિત કરવા પૂરતું સીમિત ન રહીને, પશુપાલકોના પાયાના પ્રશ્ન એટલે કે 'પાણી' પર અભૂતપૂર્વ કાર્ય કર્યું છે:





**નવા તળાવોનું નિર્માણ:** જિલ્લાના ગામે-ગામે પાણીના સ્તર ઊંચા લાવવા માટે નવા તળાવો બનાવવામાં આવ્યા.

**તળાવોનું પુનઃજીવીકરણ:** વર્ષોથી પુરાઈ ગયેલા અને ગંદા થયેલા જૂના તળાવોને ઊંડા કરી, રિપેર કરી તેને ફરી જીવંત કરવામાં આવ્યા.

**સોષ કૂવા:** ખેડૂતોના ખેતરમાં જ વરસાદી પાણી જમીનમાં ઉતરે તે માટે સોષ કૂવાઓનું નિર્માણ કરી આપવામાં આવ્યું, જેથી ભૂગર્ભ જળનો સંગ્રહ વધે.

**વૃક્ષારોપણ અભિયાન:** પર્યાવરણની જાળવણી અને વધુ વરસાદ ખેંચી લાવવાના હેતુથી મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું.





### જળસંચયથી પશુપાલનને વેગ

બનાસ ડેરીના આ ભગીરથ પ્રયાસોને કારણે આજે જિલ્લાના અનેક ગામોમાં પાણીની સમસ્યા હળવી થઈ છે. જળસંચયને કારણે પશુઓને પીવા માટે શુદ્ધ પાણી અને પૂરતો લીલો ચારો મળી રહે છે, જેના પરિણામે પશુપાલનનો વ્યવસાય વધુ સમૃદ્ધ બન્યો છે. જ્યારે ખેડૂતના ખેતરમાં પાણી પહોંચે છે, ત્યારે માત્ર પાક જ નથી લહેરાતો, પણ પરિવારમાં આશા અને ખુશીઓ પણ લહેરાય છે. પાણીની દરેક બચાવેલી બુંદ પશુઓને સ્વસ્થ રાખવામાં અને પશુપાલકોની આજીવિકાને મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે. જ્યારે ગામડાઓ સુધી પાણી પહોંચે છે, ત્યારે જ ત્યાં આશા અને સમૃદ્ધિના નવા કિરણો ફૂટે છે.

### આપણો સંકલ્પ: જળ બચાવો, પશુપાલન બચાવો

વિશ્વ જળ દિવસ પર આપણે સૌ સંકલ્પ કરીએ કે પાણીના એક-એક ટીપાનો કરકસરપૂર્વક ઉપયોગ કરીશું. બનાસ ડેરી જે રીતે જળસંચયના માધ્યમથી પશુપાલનને નવી ગતિ આપી રહી છે, તેમાં સહભાગી બનીએ.

યાદ રાખો, "દરેક બચાવેલું ટીપું પશુઓને સ્વસ્થ રાખે છે અને આપણી આજીવિકાને સુરક્ષિત બનાવે છે." કારણ કે પાણીની દરેક બૂંદ એ આવતીકાલના બહેતર ભવિષ્યની નીંવ છે.